શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૫ અંક : ૧૨
ડિસેમ્બર : ૨૦૨૪

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર
સુવર્ણ જયંતી મહોત્સવ ઉપક્રમે
શ્રી સ્વામિનારાયણ મહામંત્ર
500
22 DAYS
કલાક
અખંડ જપયજ્ઞ
15 ડિસેમ્બર થી 5 જાન્યુઆરી
પ્રેરક : પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
માર્ગદર્શક : પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભગવદ્‌જીવનદાસજી સ્વામી
SGVP
AHMEDABAD

ગુરુકુલ દર્શન

: સંસ્થાપક :
સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ-૧૫, ડિસેમ્બર : ૨૦૨૪, અંક : ૧૨

-: પ્રકાશક તથા માલિક :-
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨

તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

ઊતર્યો આભેથી અલબેલો મોરલો...

ઊતર્યો આભેથી અલબેલો મોરલો
નાચે વનમાં નાનકડી ઢેલ માણીગર નાચે મોરલો...ટેક.

ઝીણી ઝીણી વાગે રે જોને ઝાલરી
મધરા મધરા મોરલડીના સૂર... માણીગર નાચે...૧

પગલે પગલે કંકુડાં ટહડાં પાથર્યાં
વગડે વગડે કેસર ભીની ભાત... માણીગર નાચે...૨

વેણે વેણે ફૂલડાં રે જાય ફોરતા
નેણે નેણે મોતીડાંની માળ... માણીગર નાચે...૩

કામણગારી કલગીમાં ઝબકે વીજળી
ઓલ્યા અંધારા ઓગળ્યા જાય... માણીગર નાચે...૪

ઝરમર ઝરમર અમરત વરસે મેહુલા
તોય સાજન તરસ્યા રે જાય... માણીગર નાચે...૫

મારી ભીંજાટે નવરંગ ઓઢણી
એના રંગ રોળાતા રે જાય... માણીગર નાચે...૬

માધવ મોરે કામણ એવા શાં કર્યાં ?
એ તો ઢેલ લઈને ઊડી જાય... માણીગર નાચે...૭

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ,
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

જન્મ-મરણના ફેરા મટાડે....
થાકેલાને શાંતિ આપે....
વાસનાના થર કાપે... અને અંતે
અક્ષરધામનું મહાસુખ આપે.... 'સ્વામિનારાયણ' મહામંત્ર.

આજથી બસો ત્રેવીસ વર્ષ પહેલા ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વમુખે વેદોના સાર સ્વરૂપે મહામંત્રની ઉદ્‌ઘોષણા કરી.... 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' આજ સુધી આ મહામંત્રનાં ભજનથી અનેક જીવ તર્યા છે. અનેકના ત્રિવિધ તાપ શમ્યા છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે કોઈ અહૈતુકી કૃપાથી આપેલા આ મહામંત્રનું અનુષ્ઠાન ખૂબ થયું છે અને થઈ રહ્યું છે. ગરવી ગુણાતીત પરંપરામાં સંતોએ આ મહામંત્રના રસને આકંઠ પીધો છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે તો પોતે મંત્ર સિદ્ધ કર્યો હતો. દસ વર્ષની સાધનાના અંતે સાડા ચાર કરોડ મંત્ર જાપ કર્યા હતા. આ અનુષ્ઠાનની પૂર્ણાહુતિ પ્રસંગે એકવીસ દિવસનો મહાયજ્ઞ કરી સંપ્રદાયને ભજન કરવાની અને કરાવવાની નવી દીશા આપી.

ત્યાર બાદ ગુરુદેવે ગુરુકુલની સ્થાપના કરી. વિદ્યાના બહાને સદ્‌વિદ્યાનું પાન કરાવનારા ગુરુદેવે ચૈતન્યની માળાઓ ફેરવી. વિદ્યાર્થીઓના મુખે કરોડોની સંખ્યામાં 'સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરાવ્યો. જપયજ્ઞ, મંત્રલેખન, અખંડ ધૂન જેવા અનોખા આયોજનો કરી લાખો ભક્તોને જોડ્યા અને અબજોની સંખ્યામાં મંત્રજાપ કરાવ્યો.

આજ સુધી ગુરુકુલ દ્વારા અનેકવિધ આયોજનો થયા છે, જેમાં સંતો-ભક્તો દ્વારા ખૂબ મોટા પાયે ભજનની સરવાણીઓ વહી છે. પરંતુ સંવત ૨૦૮૧ના માગશર સુદી પૂર્ણિમાને દિવસે જે અનુષ્ઠાનનો પ્રારંભ થયો તે પ્રસંગ ઇતિહાસમાં પહેલીવાર અંકિત થયો. આ પ્રસંગ એટલે પાંચસો ઉપરાંત ભક્તો દ્વારા પાંચસો કલાકની અખંડ ધૂન.

નિમિત્ત છે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદની સ્થાપનાનો સુવર્ણ જયંતિ મહોત્સવ. આજથી અડતાલીસ વર્ષ પહેલા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે અમદાવાદ મુકામે ગુરુકુલની સ્થાપના કરી. એ અવસરને થોડા સમય પછી પચાસ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. અમદાવાદ ગુરુકુલના આ 'સુવર્ણ જયંતી મહોત્સવનો પ્રારંભ એક મોટા અનુષ્ઠાનથી કરવો' એવો સંતોના હૃદયમાં સંકલ્પ ઊઠ્યો. શ્રીજી મહારાજની કૃપાથી એ સંકલ્પની સિદ્ધી તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ થઈ. એક ભવ્ય-દિવ્ય અને ઐતિહાસિક અનુષ્ઠાનનો પ્રારંભ થયો. પાંચસો કલાકની અખંડ ધૂન, પાંચસો ઉપરાંત ભક્તો દ્વારા.

આ અનુષ્ઠાનના પ્રારંભે સદ્‌ગુરુ સંતોએ શ્રીજી મહારાજનું શોડષોપચાર પૂજન કરી અનુષ્ઠાન પ્રારંભ

કરવાની અનુજ્ઞા મેળવી. પછી ભગવાનના જયનાદ સાથે સદ્‌ગુરુ સંતોએ ધૂનનો પ્રારંભ કરાવ્યો. ધૂન કરતા ભક્તોનો એક લય, એક તાલ અને એક તાન જોઈને જાણે ભજનની ભાગીરથી વહ્યાની અનુભૂતિ થાય. એમાં સ્નાન કરવાની હોંશ થાય.

આ કેવળ ધૂનનો પ્રારંભ નહોતો, પચાસ વર્ષનો ઈતિહાસ ગુરુકુલના આંગણામાં રમતો હતો. એ ઈતિહાસને ઉજાગર કરતા સુવર્ણ જયંતી મહોત્સવ વર્ષનો પ્રારંભ પણ ઐતિહાસિક જ હોવો જોઈએ. માટે જ પાંચ હજારથી વધારા ભક્તો દ્વારા મંત્રયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુરુકુલથી લગભગ દોઢેક કિલોમિટર દૂર આવેલ એચ.બી. કાપડિયા સ્કુલના પ્રાંગણમાંથી મહામંત્રના નાદ સાથે મંત્રયાત્રાનો પ્રારંભ થયો. આ સમયે દરેકના હૈયે અને હોઠે 'સ્વામિનારાયણ' મહામંત્ર મૂર્તિના અનુસંધાન સાથે ગુંજતો હતો.

હાથમાં ધ્વજા, તાલ, મૃદંગ લઈ નાચતા વિદ્યાર્થીઓ, ભક્તજનો, બહેનોની અદ્‌ભુત હારમાળાઓથી શોભતી આ મંત્રયાત્રા અનેકના હૃદયમાં વસી ગઈ.

મંત્રયાત્રાનું ગુરુકુલમાં ભવ્ય સ્વાગત થયું. વિશાળ પ્રાંગણમાં તસુ તસુની જગ્યા ભરાઈ ગઈ. ભક્તોનું જાણે ઘોડાપૂર ઉમટ્યું. સુશોભિત સ્ટેજ ઉપર સ્થિત મંત્રમૂર્તિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું સદ્‌ગુરુ સંતોના હસ્તે અષ્ટોપચાર પૂજન થયું. એકસો આઠ ઋષિકુમારો દ્વારા ગાન થયેલા વેદમંત્રોનાં શ્રવણથી સંધ્યા સમય મંગલમય બની રહ્યો.

આ મંગલમય વાતાવરણમાં લાઈટ, સાઉન્ડ અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત થતા નૃત્યએ સૌને સમય-સ્થાનથી પર કરી દીધા. ઝાલરનો ઝંકાર, ઘંટનો ઘંટારવ, શંખોનો નાદ, ઢોલ-નગારાના ધમધમાટથી ગુરુકુલનું પ્રાંગણ દૈવીયભુમિની માફક શોભવા લાગ્યું. એવા સમયે પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી, સૌ સંતો-ભક્તોએ હાથમાં મંત્રધ્વજ અને ફુગ્ગા લઈ આકાશમાં લહેરાવ્યા ત્યારે સૌના હૈયા નાચવા લાગ્યા, પગ થરકવા લાગ્યા. આ સમય હતો મહામંત્રની ધૂનને વધાવવાનો, આ સમય હતો ગુરુકુલના સુવર્ણ જયંતી મહોત્સવ વર્ષના પ્રારંભનો. આ સમયે સૌના હૈયે 'જો પ્રારંભ આવો તો મહોત્સવ કેવો ?' એવા આશ્ચર્યભર્યા પ્રશ્નો ઉઠવા લાગ્યા.

મંત્રયાત્રા

પૂજ્ય ગુરુવર્ય સ્વામીજીએ ધૂનનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, પાંચસો કલાક અને પાંચસોથી વધારે ભક્તો દ્વારા આજથી જે અનુષ્ઠાનનો પ્રારંભ થઈ રહ્યો છે એ અમારા જીવનનું શ્રેષ્ઠ અનુષ્ઠાન થઈ રહેશે. મનુષ્ય જીવનનું મુખ્ય લક્ષ્ય મોક્ષ પ્રાપ્તિ છે. ભગવાન સ્વામિનારાયણ કહે છે, બ્રહ્મ સ્વરૂપે પરબ્રહ્મની સેવા કરવી એ મુક્તિ છે. સેવા કરવામાં યોગ્યતા જોઈએ. અપવિત્ર શરીરે પૂજા થઈ શકતી નથી. એ જ રીતે જન્મોજન્મના ચિત્ત ઉપર પડેલા મલીન સંસ્કારોથી મુક્ત થવું પડે, દેહરૂપી મેલા ડગલા ત્યાગવા પડે ત્યારે સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ મેલ ધોવો ખૂબ કઠણ છે, પરંતુ કળિયુગમાં જે ભગવાનનું સંકીર્તન કરે એના તમામ મેલ ધોવાય છે અને પુરુષોત્તમ નારાયણની સેવાને યોગ્ય બનાય છે. આ અનુષ્ઠાન સર્વ માટે ભગવાનના સેવક થવાનું ઉત્તમ માધ્યમ બની રહે એવી ભગવાન શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. આ મહાઅનુષ્ઠાનથી આપણા સદ્‌ગુરુઓ અને મહારાજ આપણા સહુ ઉપર ખૂબ રાજી થશે.

ભગવાન શ્રીહરિ અને ગુરુદેવના રાજીપાથી જેમની કાર્યશક્તિ, સેવાશક્તિ, કુનેહશક્તિ સોળેકળાએ ખીલી છે તથા જેમના હૃદયમાંથી આ મહાઅનુષ્ઠાનનો સંકલ્પ જાગ્યો છે એવા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ પોતાના હૃદયના ઉદ્‌ગારો જણાવતા કહ્યું હતું કે, જેવા આપણા મહારાજ સર્વોપરી તેવી જ આપણી ગુણાતીત સંતપરંપરા સર્વોપરી. સંપ્રદાયના બન્ને દેશમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું સ્થાન પણ સર્વોપરી રહ્યું. આજે હું ગૌરવથી કહી શકું કે સમસ્ત સંપ્રદાય તથા હિન્દુ ધર્મમાં આ સ્થાન આજે પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી શોભાવી રહ્યા છે. આ અમદાવાદ ગુરુકુલનું નિર્માણ સ્વયં ગુરુદેવ દ્વારા થયું છે. આ જમીન બિયારણ સુધારણા માટે હતી. એ સમયે સ્વામીએ કેશુભાઈ પટેલને કહેલું કે, અમે પણ માનવજાતના બિયારણની સુધારણા આ સ્થાનમાં કરી રહ્યા છીએ. જે આજે પણ પચાસ વર્ષથી થઈ રહ્યું છે. આજે દેશ-વિદેશમાં ગુરુકુલના વિદ્યાર્થીઓએ ધર્મધ્વજ લહેરાવ્યો છે. ૨૦૨૬માં સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવા જઈ રહ્યા છીએ એ ઉત્સવ ભગવાન શ્રીહરિ અને આપણી ગુણાતીત પરંપરાને રાજી કરવા માટે ઉજવવો છે. માટે જ પાયામાં પાંચસો કલાકની ધૂનનો પ્રારંભ થઈ રહ્યો છે. ગુરુદેવે એકવીસ દિવસનો મહાયજ્ઞ કર્યો હતો, એ પરંપરાને અનુસરી આજે અહીં બાવીસ દિવસનો જપયજ્ઞનો પ્રારંભ થઈ રહ્યો છે.

શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહામહોત્સવ

૭ થી ૧૫ નવેમ્બર ૨૦૨૪

સ્વામિનારાયણ સંપ્રદાયનાં હૃદયસમા તીર્થક્ષેત્ર શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલધામ દ્વારા શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહામહોત્સવ સંવત્ - ૨૦૮૧ કાર્તિક સુદ - ૬ થી સુદ - ૧૫, તારીખ : ૭ થી ૧૫ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન ખૂબ ધામધૂમથી ઉજવાયો.

ભગવાન શ્રીસ્વામિનારાયણે અહીં સ્વહસ્તે શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી ધર્મભક્તિ-વાસુદેવની સ્થાપના કરી એને બસો વર્ષ વિત્યા. દીર્ઘકાળથી આ સ્થાન અનેક જીવોના મોક્ષનું દ્વાર બન્યું છે, આસ્થાનું કેન્દ્ર બન્યું છે. આ મહા પવિત્ર સ્થાનમાં ઉજવાયેલો ઉત્સવ પણ મહામહોત્સવ બની રહ્યો. આ પ્રસંગ હતો હરિકૃષ્ણ હારાજનો, શ્રીલક્ષ્મીનારાયણદેવનો, સંપૂર્ણ સંપ્રદાયનો. સારાએ સંપ્રદાયે સાથે મળી આ મહામહોત્સવને વધાવ્યો અને ઉજવ્યો.

ઇષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણ મહારાજની અત્યંત કૃપા, પરમ પૂજ્ય ધર્મધુરંધર ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજની પ્રેરણા, ચેરમેનશ્રી પરમ પૂજ્ય દેવપ્રકાશદાસજી સ્વામી તથા કોઠારી શ્રી સંતવલ્લભદાસજી સ્વામી, સત્સંગ મહાસભાના પ્રમુખ પૂજ્ય નૌતમ સ્વામી વગેરેનું રાત્રિ-દિવસનું માર્ગદર્શન અને હજારો સંતો-ભક્તોની સેવા-સમર્પણ આ મહામહોત્સવમાં જોડાયું.

આ મહામહોત્સવના મુખ્ય આકર્ષણો...

- ૮૦૦ વિઘા વિશાળ જગ્યામાં આ ઐતિહાસિક ઉત્સવ ઉજવાયો.

- ૧૫,૦૦૦ ઉપરાંત ભક્તો રહી શકે તેવું ૨૫૦૦થી વધુ ટેન્ટ ધરાવતું સુવિધાસંપન્ન શ્રીસ્વામિનારાયણ ટેન્ટ સિટી

-૧૮૫ ફૂટ પહોળું અને ૫૧ ફૂટ ઊંચું મહોત્સવનું ભવ્ય પ્રવેશદ્વાર

- ૭ લાખ સ્ક્વેરફૂટ જેટલા એરિયામાં મહોત્સવનો નયનરમ્ય મુખ્ય સભામંડપ

- ૬ લાખ સ્કેવર ફૂટ એરિયામાં પ્રસરાયેલું ભવ્ય સાંસ્કૃતિક પ્રદર્શન

- ૧૦૮ કુંડી વિષ્ણુયાગ, અભિષેક મંડપ, મહાપૂજા મંડપ, અખંડ ધૂન, અખંડ મંત્રલેખન વગેરે

- ૨,૦૦૦ ઉપરાંત બાળકો લાભ લઈ શકે તેવો વિશાળ બાળ મહોત્સવ

- ૧,૦૦,૦૦૦ ભક્તો એકસાથે બેસી પ્રભુપ્રસાદ જમી શકે તેવી વિશાળ ભોજનશાળા

- ૧૧ ઝોનમાં હજારો વાહનોનો સમાવેશ થઈ શકે તેવું પાર્કિંગ

શ્રીજી મહારાજ સ્થાપિત બન્ને ગાદી, સંપૂર્ણ સંપ્રદાયના ૨૫૦૦ ઉપરાંત સંતો, ૨૫,૦૦૦,૦૦ ઉપરાંત ભક્તોએ આ મહામહોત્સવમાં પધારી દર્શનનો લાભ લીધો.

મોટી સંખ્યામાં ભારતવર્ષના હિન્દુ ધર્મના મુર્ધન્ય સંતો, દેશભરમાંથી સંસ્કૃતના દિગ્ગજ વિદ્વાનો, સામાજિક તથા રાજકીય આગેવાનો, ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા. જેમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ (વર્ચ્યુઅલ), માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ગુજરાત, માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગુજરાતના વરિષ્ઠ મંત્રીશ્રીઓ, ધારાભ્યશ્રીઓ તથા અન્ય રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ સૌના માટે ભારતીય સંસ્કૃતિના ભવ્ય વારસાને ઉજાગર કરનારો, આબાલ વૃદ્ધ સૌ કોઈ માટે સાંસ્કૃતિક, પારિવારિક, સામાજિક એવં આધ્યાત્મિક પ્રેરણાદાયી બની રહ્યો.

આ મહામહોત્સવ દરમિયાન સમાજસેવા, ભજન-ભક્તિ, જનજાગૃતિના અનેક આયોજનો થયા. જેમાં ભવ્ય સાંસ્કૃતિક પ્રદર્શન, ૧૦૮ કુંડી યજ્ઞશાળા, પાંચ હજાર વાનગીઓનો મહાઅન્નકૂટ, શોભાયાત્રા, અભિષેક મંડપ, ભવ્ય ભોજનશાળા, બાળ મહોત્સવ, કથા, વ્યાખ્યાનમાળા જેવા અનેક આયોજનો થયા હતા.

કેવળ ઇષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શ્રીલક્ષ્મીનારાયણદેવની પ્રસન્નતા માટે ઉજવાયેલા આ મહોત્સવની દિવ્ય તસ્વીર ઝલક નિહાળીએ.

॥ ભવ્ય અન્નકૂટ ॥

॥ મહોત્સવ ઉદ્‌ઘાટન ॥



ધર્માચાર્યોની પધરામણી



દિવ્ય-ભવ્ય સભા

દિવ્ય યજ્ઞશાળા

SGVP ગુરુકુલ પરિવાર દ્વારા નિર્મિત ભવ્ય યજ્ઞશાળામાં ઉપસ્થિત મહારાજશ્રી, સંતો, સ્વયંસેવકો

ભૂજ-અમદાવાદના સંતો



પોસ્ટ ટિકીટ તથા સિક્કાનું વિમોચન



રામ દરબાર



પ્રદર્શન ઉદ્‌ઘાટન

સુવર્ણ તુલા મહોત્સવ જાહેરાત

॥ વેદપાઠી ભૂદેવોનું પૂજન ॥

॥ પીએચ.ડી. સંતોનું સન્માન ॥

॥ રાજ્યપાલશ્રીનું સન્માન ॥

॥ અક્ષરમુખન શાલા-શિક્ષાપત્રી પૂજન ॥

॥ દિવ્ય રાસોત્સવ ॥

સમાચાર દર્શન



નૂતન વર્ષનું પ્રથમ સાહિત્યકારોનું સંમેલન SGVP ખાતે યોજાયું. પૂજ્ય સ્વામીજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ સંમેલનમાં પૂજ્ય ભાણદેવજી મહારાજ, પૂજ્ય નિરંજનભાઈ રાજ્યગુરુ, પ્રસાદ બ્રહ્મભટ્ટ, પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પી.કે.લહેરીસાહેબ, યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી રમેશભાઈ મેરજા વગેરે અનેક જાણીતા સાહિત્યકારો અને શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભાણદેવજી દ્વારા લખાયેલા ૧૪ ગ્રંથો, નિરંજનભાઈના ત્રણ ગ્રંથો તથા પ્રસાદ બ્રહ્મભટ્ટનો એક ગ્રંથ પ્રકાશિત થયો હતો.

SGVP દર્શનમ્ શોધ કેન્દ્ર દ્વારા 'મેટર-માઈન્ટ એન્ડ કોન્સિઅસનેસ' વિષયને આધારે આયોજિત સેમિનારમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, વૈજ્ઞાનિકો - શ્રી શીષીર રોય - કલકત્તા, શ્રી રવિન્દ્ર નાગેન્દ્ર - બેંગ્લોર, વી.વી. બિનોય - બેંગ્લોર, શ્રી મૃત્યુજય ગુહા - દેલ્હી. તેમજ વિદ્વાનોમાં શ્રી રામનાથ ઝા-દિલ્હી, સ્વામી નરસિંહાનંદ-કેલીકટ, શ્રી સચ્ચીદાનંદ મિશ્રા - વારાણસી, શ્રી રઘુ અનન્તનારાયણ-કોઇંબતુર, શ્રી બળવંતભાઈ જાની - રાજકોટ,

શ્રીઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે અભિષેક દર્શન-અમદાવાદ ગુરુકુલ

સંતો વિદ્યાર્થીઓ દ્વારા ગીતા જયંતીએ સમુહ પૂજન

SGVP હોસ્પિટલમાં પૂજ્ય સચ્ચિદાનંદજી મહારાજનાં દર્શને સ્વામીજી

પંચાબ્દી પર્વ - રીબડા ગુરુકુલ

૧૦ થી ૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રીબડા ખાતે પંચાબ્દી મહોત્સવ ઉજવાયો. ગીતા જયંતીના પવિત્ર દિવસે શ્રીઘનશ્યામ મહારાજનો વિવિધ તીર્થ જળ તથા ઔષધી દ્રવ્યોથી અભિષેક કરવામાં આવ્યો હતો તથા અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સાથે સાથે ઇન્ટરનેશનલ સ્કુલના વાર્ષિકોત્સવ પ્રસંગે ૧,૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા 'યે નયા ભારત હે' થીમ ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયો હતો. આ પર્વ પ્રસંગે ગુરુવર્ય પૂજ્ય સ્વામીએ શ્રીજી મહારાજના ચરિત્રોનું કથાશ્રવણ કરાવ્યું હતું. આ ઉપરાંત સદ્‌ગુરુ સંતોની પ્રસાદીભૂત પુરાતની 'શ્રી જોગી સ્વામી વાવ'નું લોકાર્પણ થયું હતું.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી ઘનશ્યામ રમેશભાઈ ભીમાણી :- અમદાવાદ ગુરુકુલના વિદ્યાર્થી, નાગંદ્રા નિવાસી શ્રી ઘનશ્યામભાઈ ભીમાણી તા. ૧૫-૧૧-૨૦૨૪, ના રોજ અક્ષરવાસી થયા છે. ઘનશ્યામે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરમાં વિદ્યાભ્યાસ દરમિયાન ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત સદ્વિદ્યા સભર સંસ્કારોને જીવનમાં ધારણ કરીને ઉત્તમ આદર્શ સ્થાપિત કર્યો. સત્સંગ અને ભજનમય જીવન દ્વારા તેમણે પૂજ્ય સંતોનો અત્યંત રાજીપો પ્રાપ્ત કર્યો. અનેક વિદ્યાર્થીઓના જીવનમાં સંસ્કાર, સત્સંગ અને સદ્વિદ્યાની દૈદિપ્યમાન જ્યોત પ્રગટાવી. જીવનને સંસ્કાર, સત્સંગ અને સેવાભાવથી ઉજાગર કરી તેઓ વહેલા વહેલા શ્રીજીમહારાજના લાડીલા બની ગયા અને ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદમાં સેવકભાવે સદાય લીન થઈ ગયા. અ.નિ. ઘનશ્યામના દિવ્યાત્માને સમસ્ત SGVP ગુરુકુલ પરિવાર શ્રદ્ધાસુમન અર્પણ કરે છે તેમજ ઘનશ્યામના માતા-પિતા, ભાઈ-બહેન, સમગ્ર ભીમાણી પરિવાર તેમજ નાગંદ્રા ગામના સ્નેહીજનોને વિકટ સમયમાં ધીરજ અને આત્મબળ આપે એવી પ્રાર્થના કરીએ છીએ.

અ.નિ. શ્રી યોગેશભાઈ જગદીશચંદ્ર બ્રહ્મભટ્ટ :- ખંભાત નિવાસી તથા છારોડી ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંથનકુમારના પિતાશ્રી યોગેશભાઈ બ્રહ્મભટ્ટ તા. ૧૭ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. ખૂબ પવિત્ર જીવન જીવીને યોગેશભાઈએ પોતાના જીવનની સુગંધ સત્સંગમાં છોડી છે. ભગવાન શ્રીહરિ યોગેશભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર મંથન તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. રમણભાઈ કચરાભાઈ પટેલ :- અમદાવાદ નિવાસી તથા નારાયણમામાના અત્યંત કૃપાપાત્ર પ.ભ. શ્રી રમણભાઈ પટેલ તા. ૦૩ નવેમ્બરના રોજ ૯૧ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. જીવનપર્યંત સોમચંદબાપા, નારાયણમામા, લીલામાસી જેવા મુક્તોની સેવા કરીને જેમણે પોતાનું જીવન સાર્થક કર્યું છે એવા રમણભાઈને ભગવાન શ્રીહરિ પોતાના સાંનિધ્યમાં સેવામાં રાખે એવી પ્રાર્થના સાથે ગોવિંદભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નાનજીભાઈ નાગજીભાઈ ગોંડલિયા :- અમાદવાદ નિવાસી નાનજીભાઈ ગોંડલિયા તા. ૪ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ નાનજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા ઉમેશભાઈ, સુરેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી બાલુભાઈ હરિભાઈ સુહાગીયા :- ગામ પીઠવડી, હાલ સુરત નિવાસી બાલુભાઈ સુહાગિયા તા. ૧૧ ડિસેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિના લાડિયા ભક્ત બાલુભાઈના પવિત્ર આત્માને ભગવાન પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ લક્ષ્મણભાઈ, ધનજીભાઈ, ઘનશ્યામભાઈ, રતીભાઈ, મયુરભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હરજીભાઈ હરિભાઈ શેલડિયા :- સુરત નિવાસી પ.ભ. શ્રી હરજીભાઈ શેલડિયા તા. ૨૬ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ગુરુકુલ અને ગુરુકુલના સેવાકાર્યો પ્રત્યે સમર્પિત હરજીભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા સુપુત્રો પરેશભાઈ, શરદભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી સોનબાઈ કોળુભાઈ બોસરિયા :- કાણેક નેસ નિવાસી તથા એકાંતિક ભક્તરાજ શ્રી કાળુભગતના ધર્મપત્ની શ્રી સોનબાઈ તા. ૨૪ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. વ્રજની ગોપી અને સોનબાનો પ્રેમ એક સરખો. સાધુ-સંતોની સેવામાં સદાય ખડેપગે રહેનારા. નેસને મંદિર બનાવી ખૂબ ભજન કર્યું. પવિત્ર ગોપીઓ જેવું જીવન જીવી પરિવારને ખૂબ સંસ્કારી કર્યો. જ્યારે જ્યારે સંતો નેસ પધારે ત્યારે સોનબાની સેવા અવર્ણનીય રહે. સંતોની મર્યાદા સાચવીને દરેક બાબતનું ધ્યાન રાખે. આવા ભક્તિથી ભરેલા સોનબાના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ કાળુભગત, સુપુત્રો નનુભાઈ, વાલાભાઈ, લાલજી વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી લીલીબેન લાલજીભાઈ કાથરોટિયા :- ગામ ધારી નિવાસી તથા ગુરુકુલના અનન્ય સેવક પરિવારના માતુશ્રી લીલીબેન તા. ૨૨ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તેમના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા રમેશભાઈ, વિનુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૦૫/૦૧/૨૫, રવિવાર : **૫૦૦ કલાક અખંડ ધૂન પૂર્ણાહુતિ તથા ગુરુકુલ પરિવાર સ્નેહમિલન :** અમદાવાદ ગુરુકુલ
તા. ૮/૦૧/૨૫, બુધવાર : **શ્રીહરી જ્યંતી,** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજન, નીલકંઠવર્ણી પયોભિષેક, અમદાવાદ ગુરુકુલ
તા. ૧૦/૦૧/૨૫, શુક્રવાર : **પુત્રદા એકાદશી**
તા. ૧૪/૦૧/૨૫, મંગળવાર : **ધનુર્માસ સમાપ્ત, કથા શ્રવણ તથા ગૌપૂજન :** અમદાવાદ ગુરુકુલ
શ્રી ઘનશ્યામ મહારાજ પાટોત્સવ, દ્રોણેશ્વર ગુરુકુલ
તા. ૨૫/૧૧/૨૫, શનિવાર : **ષટ્તિલા એકાદશી :**

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને વડતાલ ધામ ખાતે આયોજિત મહોત્સવનું આમંત્રણ પાઠવતા
પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય નૌતમ સ્વામી, પૂજ્ય સંતવલ્લભ સ્વામી, પૂજ્ય દેવપ્રકાશ સ્વામી, પૂજ્ય ધર્મવલ્લભ સ્વામી

SGVP ગુરુકુલ ખાતે કાર્તિકી અનુષ્ઠાન તથા યોગ-પ્રાણાયામ શિબિરમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી,
પૂજ્ય ભાણદેવજી મહારાજ, સંતો તથા ઋષિકુમારો

ગુરુકુલ પરિવાર યુ.કે. દ્વારા લંડન ખાતે આયોજિત ભવ્ય શાકોત્સવમાં ઉપસ્થિત પૂજ્ય ભક્તિવેદાંત સ્વામી,
પૂજ્ય શુકવલ્લભદાસજી સ્વામી, ભક્તજનો, સ્વયંસેવકો-કાર્યકર્તાઓ તથા બાળકો

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ-અમેરિકા ખાતે દિપાવલી મહોત્સવ પ્રસંગે ભવ્ય અન્નકૂટ મહોત્સવ, યજ્ઞ પૂર્ણાહુતિ, ઉપસ્થિત ભક્તજનો તથા રામલીલા વિષયને આધારે સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરતા બાળકો

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-